તા: ૨૮/૦૭/૨૦૨૨ અર્થશાસ્ત્રના જનક એડમ સ્મિથની પુણ્ય તિથીના અનુસંધાને " એડમ સ્મિથ - અર્થશાસ્ત્રના જનક" વિષય પર એક ઓનલાઈન ક્વીઝ







તા:૦૧/૦૨/૨૦૨૩ના રોજ ભારતના યુનિયન બજેટનું સીધું પ્રસારણ નિહાળતા વિધાર્થી





તા:૧૫/03/૨૦૨૩ રોજ વિશ્વ ગ્રાહક અધિકાર દિવસની ઉજવણીમાં ભાગ લેતા વિધાર્થી





## ૧૦.૨.૮. મનોવિજ્ઞાન વિભાગ દ્વારા થયેલ પ્રવૃત્તિ. શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

તા.૦૩/૦૯/૨૦૨૨, આર્યુવેદ વૃક્ષા રોપણ મનોવિજ્ઞાન વિભાગ અંતર્ગત








## ૧૦.૨.૯. સાયન્સ ફેકલ્ટીનો અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૨-૨૩

પ્રા.પ્રિયંકાબેન એન. થોરાત
વિજ્ઞાન પ્રવાહના વિભાગ અધ્યક્ષ

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના છેવાડાના ખેરગામ તાલુકાના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારમાં આવેલ સરકારી કોલેજમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ થતા આનો લાભ આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓને મળે એ આપણા માટે ગૌરવ ની વાત છે. આજુ બાજુ આવેલ વિજ્ઞાન પ્રવાહના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે દૂર સુધી જવું ન પડે, ઘર આંગણે ઉચ્છ શિક્ષણનો લાભ મેળવી શારીરિક, માનસિક અને આર્થિક સ્વસ્થતા અનુભવે અને પોતાનું ભાવિ ઉજ્જવળ બનાવે તેમજ ઉત્તરોઉત્તર પ્રગતિ કરી ગામ,

તાલુકો, જિલ્લો, રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને તે હેતુથી આ વિજ્ઞાન કોલેજ આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલનાં અથાગ પ્રયાસોને કારણે શરૂ કરવામાં આવી છે. આ કોલેજમાં F. Y. B.Sc માં મુખ્ય વિષયોમાં અંગ્રેજી, પર્યાવરણ, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર તેમજ ગણિતશાસ્ત્ર જેવા વિષયો શીખવવામાં આવે છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન આ કોલેજમાં યુનિવર્સીટી દ્વારા યોજવામાં આવતા વિવિધ કાર્યક્રમો જેવા કે રાષ્ટ્રીય સેવાયોજના(NSS), સપ્તધારા, ઉદ્દિશા, રૂસા, SSIP, ઇનોવેશન્સ ક્લબ કાર્યરત છે આ ઈત્તર પ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓ વ્યક્તિત્વ વિકાસ કરી રાષ્ટ્ર વિકાસમાં સહભાગી બને એવા પ્રયાસો થાય છે અને તેમાં વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

તા.૬/૦૯/૨૦૨૨, મંગળવારના રોજ F.Y.B.SC.નાં ૩૫ વિદ્યાર્થીઓ જનતા હાઈસ્કૂલ ખેરગામ ખાતે પ્રેકટિકલ માટે ગયા હતા.

તા.૭/૦૯/૨૦૨૨, બુધવારના રોજ F.Y.B.SC.નાં ૩૬ વિદ્યાર્થીઓ જનતા હાઈસ્કૂલ ખેરગામ ખાતે પ્રેકટિકલ માટે ગયા હતા.

તા.૧૨/૦૯/૨૦૨૨, સોમવારના રોજ F.Y.B.SC.નાં ૩૪ વિદ્યાર્થીઓ જનતા હાઈસ્કૂલ ખેરગામ ખાતે પ્રેકટિકલ માટે ગયા હતા.

તા.૧૩/૦૯/૨૦૨૨, મંગળવારના રોજ F.Y.B.SC.નાં ૩૪ વિદ્યાર્થીઓ જનતા હાઈસ્કૂલ ખેરગામ ખાતે પ્રેકટિકલ માટે ગયા હતા.







પ્રેક્ટીકલ કરતાં વિદ્યાર્થીઓ અને તેમને નિહાળતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ

તા.૧૪/૦૯/૨૦૨૨, બુધવાર, તા.૧૫/૦૯/૨૦૨૨, ગુરૂવાર, તેમજ ૧૯/૦૯/૨૦૨૨ને સોમવારનાં રોજ બોટની વિષયના પ્રા.બ્રિજલ પટેલે F.Y.B.SC નાં ૨૭ જેટલા વિદ્યાર્થીઓને મૂળ, પ્રકાંડ, પર્ણ અને પુષ્પના નમૂનાઓ બતાવી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.



તા૨૮/૧૨/૨૦૨૨, બુધવારના રોજ શૈ.પ્રવાસ જાનકીવન, પદમડુંગરી(ઇકો ટુ રિઝ્મ પોઈન્ટ), વનિલ ઉદ્યોગ, બોટાનિકલ ગાર્ડન વઘઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સહીત રાષ્ટ્રીય સેવા યોજના(NSS)નાં ૧૦૭ વિદ્યાર્થીઓ, ૦૮ સ્ટાફ અને ૦૩ રસોઈયા મળી કુલ-૧૧૯ વ્યક્તિઓ સહભાગી બન્યા હતા.

શૈ.પ્રવાસ જાનકીવન, પદમડુંગરી(ઇકો ટુ રિઝ્મ પોઈન્ટ), વનિલ ઉદ્યોગ, બોટાનિકલ ગાર્ડન વઘઈ, F.Y.BSC










તા.૨૩/૦૧/૨૦૨૩ને સોમવારનાં રોજ એફ.વાય.બી.એસ.સીનાં વિદ્યાર્થીઓ માટે સપ્તધારા અન્વયે જ્ઞાનધારા અંતર્ગત શૈ.વર્ષ:૨૦૨૨-૨૩માં F.Y.B.SC.(સેમેસ્ટર-II)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને **'Taxonomy, Gardening, Nursery'** વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિત્તે વ્યાખ્યાન આપવા માટે પ્રા.ડૉ.સંદિપભાઈ એલ.પટેલ, સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ, દમણથી ઉપસ્થિત રહ્યા હતાં.













પ્રા.ડૉ.સંદિપભાઈ એલ.પટેલનું સ્વાગત કરતા આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ અને વિદ્યાર્થીઓ તેમજ સાયન્સ પ્રવાહનો સ્ટાફગણ

તા. ૦૨/૦૨/2023ને ગુરૂવાર નાં રોજ રામજી મંદિર ખેરગામ ખાતે F.Y. B.Sc નાં વિદ્યાર્થીઓએ "આયુષ મેળા" ની મુલાકાત લીધી અને ત્યાં પ્રદર્શન માટે મુકેલ ઔષધિય વનસ્પતિઓનો અભ્યાસ કર્યો હતો.









"આયુષ મેળા"માં વિવિધ ઔષધીય વનસ્પતિ નિહાળતા F.Y. B.Sc નાં વિદ્યાર્થીઓ સાથે સ્ટાફગણ અને આયોજન કર્તા

તા: ૦૮/૦૨/૨૦૨૩ થી તા.૧૩/૦૨/૨૦૨૩, સુધી F.Y. B. Sc ના 34 વિદ્યાર્થીઓ વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,બીલીમોરા ખાતે PHYSICS અને CHEMISTRY નાં પ્રેક્ટીક્લ કરવા માટે કોલેજના સ્ટાફગણ સાથે ગયા હતા.










તા:૦૮/૦૨/૨૦૨૩ થી તા.૧૩/૦૨/૨૦૨૩, સુધી વી.એસ.પટેલ કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા ખાતે PHYSICS અને CHEMISTRY નાં પ્રેકટીકલ કરતા વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફગણ

તા.૧૯/૦૨/૨૦૨૩ને રવિવારના ના રોજ મોટાપોંઢાં ખાતે BOTANY BOTANY FESTIVAL "UTKRANTI" 2023 કાર્યક્રમમાં સહભાગી બનેલ F.Y. B.Sc નાં વિદ્યાર્થીઓ










બોટાનિકલ ગાર્ડનમાં F.Y. B.Sc BOTANY વિષયનાં વિદ્યાર્થીઓ સાથે પ્રા.બ્રિજલ પટેલ

તા.૦૨/૦૩/૨૦૨૩ ને ગુરૂવારના રોજ કોલેજની મુલાકાત લેતા LIC કમિટીનાં ઉપસ્તિથ સભ્યોમાં પ્રિ.ડૉ.સુનિલભાઇ એસ. નાયક, શ્રી હસમુખભાઇ પટેલ, ડૉ. તખતસિંહ જી. ગોહિલ, ડૉ. જશવંતભાઇ બી. પટેલ, ડૉ. અશોકસિંહ વી. સોલંકી, શ્રી. ભરત પી. પટેલ તેમજ કોલજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ













આવેલ LIC કમિટીનાં ઉપસ્થિત સભ્યો અને F.Y.B.SCનાં વિદ્યાર્થીઓ સાથે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ તથા વિજ્ઞાન પ્રવાહનો સ્ટાફગણ

## ૧૦.૨.૮. ગ્રંથાલય વિભાગ અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

**ગ્રંથાલય એક્સટેન્શન પ્રવૃતિ :**

કોલેજનાં ગ્રંથાલય વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ગ્રંથાલયની ગ્રંથ સમૃદ્ધિ/ઈ-રિસોર્સિસનો તેઓનાં શૈક્ષણિક કાર્ય, સંશોધન અને વ્યક્તિત્વ વિકાસ માટે નિયમિત પુસ્તકોની આપલે કરવામાં આવે છે તે સાથે વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો વધુ વધુ ઉપયોગ કરે તે માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી.

કોલેજ ગ્રંથાલય દ્વારા ગ્રંથાલયમાં ઉપલબ્ધ ગ્રંથ સમૃદ્ધિનો ઉપયોગ કરવા માટે વિદ્યાર્થેઓ માહિતગાર થાય તે માટે ગ્રંથાલય વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં તા.27/07/2022 થી તા.28/07/2022ના રોજ પ્રથમ વર્ષ F.Y.B.A./B.COM./B.SC.માં નવા પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલય ઓરિઅન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ગ્રંથાલયનો પરિચય આપવામાં આવ્યો હતો. ગ્રંથાલયમાં રહેલી વાંચન સામગ્રીને કેવી રીતે મેળાવવી, ઇ રિસોર્સિસને કેવી રીતે એક્સેસ કરવા, ઇન્ટરનેટ પરથી જુદા જુદા પ્લેટફોર્મ જેવાકે CEC, SWAYAM, e-PG પાઠશાળા N-List e-resources વગેરે પરથી લર્નિંગ રિસોર્સિસ નો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી ગ્રંથપાલ પ્રા. વિષ્ણુભાઈ પઢિયાર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

તા.12/08/2022, શુક્રવાર ડો.એસ. આર. રંગનાથનના જન્મ દિવસ નિમિત્તે "નેશનલ લાઈબ્રેરીયન દિવસ" ની ઉજવણી. કરવામાં આવી.

તા. 28/08/2022ના રોજ "રાષ્ટ્રીય શાયર" શ્રી ઝવેરચંદ મેઘાણીની 126મી જન્મ જયંતી નિમિત્તે તા.30/08/2022નાં રોજ ઉજવણી પ્રસંગે "સાહિત્ય - પુસ્તક પરિચય"નું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા.12-01-2023 થી તા.13-01-2023 સુધી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે "રાષ્ટ્રીય યુવા દિવસ"ની ઉજવણીના ભાગ રૂપે પોસ્ટર અને પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.